# N-10 (G)

**(MARCH, 2009)**

***Time : 3.00 Hours]*** ***[Maximum Marks : 100***

*સૂચનાઓ :*

1. આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે. અને કુલ **54** પ્રશ્નો છે.
2. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પ્રશ્ન નં. **53** નકશાપૂર્તિનો છે. તેમાં અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
4. નવો વિભાગ નવા પાનાથી લખો.

## વિભાગ - A

નીચે આપેલા **1** થી **15** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો **એક** ગુણ છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને લખો. **15**

**1.** ભારતના પ્રત્યેક નાગરિકની પવિત્ર અને પ્રાથમિક ફરજ છે.

A) વિદેશી પ્રજાને આવકારવી

B) નદીઓ અને વૃક્ષોની પવિત્રતા જાળવવી.

C) આપણા પ્રાચીન સ્મારકો, ઐતિહાસિક સ્થળો અને મહત્ત્વ ધરાવતા સ્થળોનું રક્ષણ કરવું.

D) પોતાના ધર્મનું પાલન કરવું.

**2.** કૂચીપૂડી નૃત્યનો પ્રકાર કયા પ્રદેશ સાથે સંકળાયેલો છે?

A) આસામ B) કેરળ

C) ઓરિસ્સા D) આંધ્રપ્રદેશ

**3.** કૈલાસનાથ મંદિર કઈ ગુફામાં આવેલું છે?

A) ઉદયગિરિ B) ઈલોરા

C) અજંટા D) એલિફંટા

4. ભારતના બંધારણમાં કેટલી ભાષાને સ્થાન આપવામાં આવ્યું છે?

A) 16 B) 22

C) 18 D) 14

5. ગણિતશાસ્ત્રના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?

A) ચરક B) આર્યભટ્ટ

C) ભાસ્કરાચાર્ય D) બ્રહ્મગુપ્ત

6. ભારતમાં તાજમહેલ કોણે બંધાવ્યો હતો?

A) બાબર B) શાહજહાં

C) અકબર D) હુમાયું

7. વિશ્વપર્યાવરણ દિન કયા દિવસે ઉજવવામાં આવે છે?

A) 21 માર્ચ B) 5 જૂન

C) 10 ડિસેમ્બર D) 4 ઓક્ટોમ્બર

8. ગુજરાતનો કયો પ્રદેશ કપાસના ઉત્પાદન માટે જાણીતો છે?

A) ચરોતર B) કાનમ

C) જૂનાગઢ D) ભૂજ

9. 2 થી 9 ઓક્ટોમ્બર દરમિયાન શું ઉજવવામાં આવે છે?

A) વનમહોત્સવ B) પર્યાવરણ સપ્તાહ

C) વન્ય પ્રાણી સપ્તાહ D) વિશ્વ પ્રકૃતિ સપ્તાહ

10. ભારતમાં રાસાયણિક ખાતરનું પ્રથમ કારખાનું ક્યાં સ્થાપવામાં આવ્યું હતું?

A) કલોલ
B) ભરૂચ
C) વડોદરા
D) રાનીપેટ

11. હઝારીબાગ શાની ખાણો માટે જાણીતું છે?

A) લોખંડની
B) અબરખની
C) તાંબાની
D) મેંગેનીઝની

12. ભારતનું સૌથી મોટું તાપ વિદ્યુત મથક કયું છે?

A) કંડલા
B) વણાકબોરી
C) સાબરમતી
D) ધુવારણ

13. આર્થિક દષ્ટિએ ભારત કેવો દેશ છે?

A) વિકસિત
B) બહુપછાત
C) વિકાસશીલ
D) અલ્પવિકસિત

14. 2005 ના વર્ષને ............ કહેવાય છે.

A) રાષ્ટ્રીય મહિલા વર્ષ
B) રાષ્ટ્રીય જાગરણ વર્ષ
C) રાષ્ટ્રીય પર્યાવરણ વર્ષ
D) રાષ્ટ્રીય સાક્ષર વર્ષ

15. ભારતના ક્યા રાજ્યમાં બળવાખોરી ચાલતી નથી?

A) અસમ
B) છત્તીસગઢ
C) ગુજરાત
D) ત્રિપુરા

## વિભાગ - B

નીચે આપેલા **16** થી **30** પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો એક ગુણ છે, જેના ઉત્તર એક વાક્યમાં લખો. **15**

**16.** સંસ્કૃતિક વારસો એટલે શું?

**17.** ગુજરાતમાં કયા કયા શહેરો બાંધણી માટે જાણીતા છે?

**18.** ગુજરાતમાં કયા સ્થળે ગુફાઓ મળી આવી છે?

**19.** વેદ કેટલા છે? કયા કયા?

**20.** દેવોના પ્રથમ સ્થપતિ કોણ ગણાય છે?

**21.** ચંદનના વૃક્ષમાંથી શું શું બનાવામાં આવે છે?

**22.** વાંસ કઈ કઈ રીતે ઉપયોગી છે?

**23.** આંતરિક જળમાર્ગ એટલે શું?

**24.** વિકસિત દેશોનાં ઉદાહરણ આપો.

**25.** પ્રાચીન સમયમાં પાટણ શહેર શાને માટે જાણીતું હતું?

**26.** કયા દિવસને પર્યાવરણ દિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે?

**27.** લઘુમતી વર્ગના અધિકારોના રક્ષણ માટે કયા પંચની રચના કરવામાં આવી છે?

**28.** મૂડી કોને કહેવામાં આવે છે?

**29.** સાક્ષર વ્યક્તિ કોને કહેવાય?

**30.** ભાસ્કરાચાર્યે કયા ગ્રંથની રચના કરી?

## વિભાગ - C

નીચે આપેલા **31** થી **42** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **2** ગુણ છે. વિકલ્પો આંતરિક છે. માગ્યા મુજબ જવાબ લખો. **24**

**31.** સંસ્કૃતિના સંદર્ભમાં ભારતનો પરિચય આપો.

**32.** મોઢેરાના સૂર્યમંદિર વિશે માહિતી આપો.

**33.** વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓ કઈ કઈ છે?

**અથવા**

નૃત્યકલાક્ષેત્ર પ્રાચીન ભારતમાં થયેલી પ્રગતિ જણાવો.

**34.** કયા મુઘલ સમ્રાટો સાહિત્યકારો હતા? તેમણે કઈ કઈ કૃતિઓની રચના કરી હતી?

**35.** હરિયાળી ક્રાંતિ એટલે શું?

**અથવા**

ભારતની મુખ્ય બહુહેતુક યોજનઓ કઈ કઈ છે? અને તે કઈ કઈ નદીઓ પર બાંધેલી છે?

**36.** મેંગેનીઝના ઉપયોગ જણાવો.

**37.** બજાર પદ્ધતિનાં લક્ષણો જણાવો.

**38.** ભારતમાં ઉદારીકરણની નીતિના લાભ જણાવો.

**39.** ભારતીય અર્થતંત્ર પર વૈશ્વિકીકરણની અસરો વર્ણવો.

**40.** આર્થિક વિકાસ એટલે શું?

**અથવા**

આતંકવાદનાં લક્ષણો જણાવો.

**41.** ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો કયા કયા છે?

**42.** વૃદ્ધોની સમસ્યાઓ શું છે?

## વિભાગ - D

નીચે આપેલા **43** થી **49** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **3** ગુણ છે. વિકલ્પ આંતરિક છે. માગ્યા મુજબ જવાબ લખો. **21**

**43.** મહાકવિ કાલીદાસનો પરિચય આપો.

**44.** મોહેં-જો-દડોની ભૂગર્ભ ગટર યોજના પર ટૂંકનોંધ લખો.

**અથવા**

વાસ્તુશાસ્ત્રમાં કઈ કઈ માહિતીનો સમાવેશ થયેલો છે?

**45.** ભારતમાં ઉજવાતા મુખ્ય તહેવારો કયા કયા છે?

**46.** જંગલોનો વિનાશ કેવી કેવી રીતે થાય છે?

**અથવા**

મિશ્ર ખેતીપર ટૂંકનોંધ લખો.

**47.** બહુહેતુક યોજના એટલે શું?

**48.** ચુનાના પથ્થરના ઉપયોગ જણાવો.

**49.** ઉત્પાદનનાં સાધનો ક્યાં ક્યાં છે? ટૂંકમાં જણાવો.

**અથવા**

તફાવત સમજાવો - જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર

## વિભાગ - E

નીચે આપેલા **50** થી **54** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **5** ગુણ છે. માંગ્યા મુજબ જવાબ લખો. **25**

**50.** આપણા વારસાના સંરક્ષણ માટે વિદ્યાર્થી તરીકે આપણી કઈ કઈ ફરજો છે?

**51.** પ્રાચીન ભારતીય સાહિત્યની સવિસ્તર ચર્ચા કરો.

**અથવા**

'ભારતની વિવિધતામાં એકતા' વિશે ઉદાહરણો આપો અને સવિસ્તર ચર્ચા કરો.

**52.** ભારતનો સુતરાઉ કાપડ ઉદ્યોગ વિશે જણાવો.

**53.** તમને આપેલા ભારતનાં નકશામાં નીચેની વિગતો પૂરો.

i) ઘઉંનું ઉત્પાદન કરતો એક પ્રદેશ

ii) નાગાર્જુન સાગર યોજના

iii) સિમેન્ટ ઉદ્યોગનું એક કેન્દ્ર

iv) અબરખ મળતું હોય તેવું એક ક્ષેત્ર

v) મુંબઈથી દિલ્હી જતો રેલ્વે માર્ગ જંક્શનો સાથે

<u>ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે</u>

**53.** નકશાપૂર્તિના બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

i) ઘઉં ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ આપો.

ii) નાગાર્જુન સાગર યોજના કઈ નદી ઉપર છે?

iii) સિમેન્ટ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ આપો.

iv) અબરખ મળતું હોય તેવા એક ક્ષેત્રનું નામ

v) મુંબઈથી દિલ્હી જતો રેલ્વેમાર્ગમાં આવતા બે જંકશનના નામ આપો.

**54.** i) ગરીબી નિવારણ માટેના બે સ્વરોજગારીના કાર્યક્રમનાં નામ આપી ચર્ચા વિસ્તારે લખો.

ii) નિરક્ષરતાએ ગરીબીનું મૂળ છે. સમજાવો.

**અથવા**

સામાજિક પરિવર્તન એટલે શું? સામાજિક પરિવર્તન લાવનારાં પરિબળો કયાં કયાં છે?